# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-06-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## CDS જનરલ અનિલ ચૌહાણ ભારત આતંક અને પરમાણુ બ્લેકમેલના પડછાયા હેઠળ જીવશે નહીં

સશસ્ત્ર દળોનાં લશ્કરી વડા-**CDS** જનરલ અનિલ ચૌહાણે ગઇકાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત આતંક અને પરમાણુ બ્લેકમેલના પડછાયા હેઠળ જીવશે નહીં, તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાને સરકાર પ્રાયોજિત આતંકવાદને રોકવો પડશે. જનરલ ચૌહાણે સાવિત્રીબાઈ ફુલે, પૂણે યુનિવર્સિટીમાં 'ફ્યુચર વોર્સ એન્ડ વોરફેર "પર વ્યાખ્યાન આપતા આ વાત કહી હતી.

તેમણે ભારતીય સૈન્યના નવા અભિગમ વિશે જણાવ્યું કે, સરકારે આતંકવાદને પાણી સહિત મહત્વપૂર્ણ સંસાધનો સાથે જોડીને લશ્કરી કામગીરીમાં એક નવી રેખા દોરી છે. સીડીએસએ એમ પણ કહ્યું કે પહેલગામના ક્રુર આતંકવાદી હુમલાના ઝડપી અને ચોક્કસ જવાબ તરીકે શરૂ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ અને પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીરની આતંકવાદી શિબિરોને નિશાન બનાવવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## વિદેશ ગયેલ સાતમાંથી બે પ્રતિનિધિ મંડળ પરત

ઓપરેશન સિંદૂરની સફળતા અને આતંકવાદ સામેના તેના દૃઢ વલણનો પ્રચાર કરવા વિદેશ ગયેલાં સાતમાંથી બે પ્રતિનિધિમંડળ સફળ મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે.

ડીએમકે સાંસદ કણિમોઝીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા, લાતવિયા અને રશિયાની પાંચ દેશોની મુલાકાત પૂર્ણ કરીને ભારત પરત ફર્યું છે.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે નવી દિલ્હી પરત ફર્યા બાદ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી.

------------------------------------------------------------------------------------

## P.M. – છઠ્ઠી જૂનના ચિનાબ પુલનું ઉદ્દઘાટન કરશે

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 6 જૂનના રોજ જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ પુલનું ઉદ્ઘાટન કરશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું હતું કે, વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ ચેનાબ પુલ જમ્મુ અને કાશ્મીરમાં નવા ભારતની શક્તિ અને વિઝનનું ગૌરવપૂર્ણ પ્રતીક છે.

------------------------------------------------------------------------------------

## આરોગ્યમંત્રી – ગાંધીનગર ખાતે આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગર ખાતે તૈયાર કરાયેલા આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું પાંચ જૂને લોકાર્પણ કરશે. રાજ્યના નાગરિકોને ઉપલબ્ધ કરાવાતી આરોગ્ય વિષયક સેવા અને સુવિધાઓ એક જ જગ્યાએ નિરીક્ષણ અને સમીક્ષા થઈ શકે તે માટે આ કેન્દ્ર બનાવાયું છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકાર દ્વારા લોકોને ઘરે બેઠા ફૉન પર આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા આરોગ્ય સંબંધિત સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે આ કેન્દ્રમાં હેલ્થ હેલ્પલાઈન નંબર 104 કાર્યરત્ કરાયો છે **PMJAY** હેલ્પલાઇન પણ શરૂ કરવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

## જિલ્લા મથક ભુજમાં સિંદૂરવનનું નિર્માણ કરાશે

જિલ્લામાં રાજય સરકારે ઓપરેશન સિંદૂરના સન્માન માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જે અંતર્ગત ભુજ શહેર નજીક સિંદૂર વનનું નિર્માણ કરવામાં આવશે. આ વન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની સભા સ્થળે બનાવવામાં આવશે.

જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું કે, મિરઝાપર વિસ્તારમાં ભુજ-માંડવી રોડ નજીક 20 એકર વન વિભાગની જમીન પર આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. સિંદૂર વન થીમ આધારિત હશે. તેમાં સિંદૂર છોડની સાથે 35 જેટલી સ્થાનિક વનસ્પતિ પ્રજાતિઓનું વાવેતર કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ સંરક્ષણ દળોના બલિદાનને માન આપવાનો છે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં કોરોના સંક્રમણનો વધતો વ્યાપ

જિલ્લામાં કોરોના સંક્રમણનો વ્યાપ વધી રહ્યો છે તેવામાં ગઇકાલે જિલ્લામાં એકસામટા કોરોનાના ચાર કેસ નોંધાયા હતા. જે પૈકી ત્રણ કેસમાં દર્દીને હોમ આઈસોલેશનમાં રખાયા છે, તો એકને હોસ્પિટલમાં સારવાર હેઠળ રખાયા છે. ગઇકાલે નોંધાયેલા ચાર પૈકી બે કેસ ગાંધીધામ અને એક એક કેસ મુંદરા-માંડવીમાં નોંધાયા છે. નિષ્ણાત તબીબોના મતે કોરોનાનો આ વેરિયન્ટ ઝડપથી ફેલાય છે, પણ તેની તિવ્રતા ઓછી હોવાથી તે ઓછો જોખમકારક છે.

રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારના જણાવ્યાનુસાર કચ્છમાં અત્યાર સુધી નોંધાયેલા 13 પૈકી માત્ર એક જ કેસમાં દર્દીને હોસ્પિટલ ખસેડવો પડયો છે. એકપણ કેસમાં અતિ ગંભીર જણાય તેવાં લક્ષણ દેખાયાં નથી પણ તકેદારીના ભાગરૂપે લોકો માસ્ક પહેર તે હિતાવહ છે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમે રસાકસી ભર્યા અંતિમ રાઉન્ડમાં પંજાબ કિંગ્સની ટીમને 6 રને હરાવી આઇપીએલની 18 મી શ્રેણીનો ખિતાબ જીતી લીધો છે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરના અંતિમ જંગમાં બેંગલુરુ ટીમે 9 વિકેટ ગુમાવી 190 રન કર્યા હતા. પંજાબની ટીમ 191 રનનાં વિજયી લક્ષ્યાંક સામે 7 વિકેટે 184 રન કરી શકી હતી. બેંગલુરુ ટીમે પ્રથમ જ વાર આઇપીએલનો ખિતાબ જીત્યો છે. ક્રિકેટ ક્ષેત્રે નિવૃતિ જાહેર કરનાર વિરાટ કોહલી એ

વિજયી બનતા ભાવુક બની વિજયને વધાવ્યો હતો. લગભગ સવા બે મહિના ચાલેલી સ્પર્ધામાં 10 ટીમોએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------